વડીલોની સાથે પ્રિતિ ભોજન

નગરમાં સેવાકીય પ્રવૃતિ થકી સુગંધ ફેલાવનાર લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા પેથાપુરમાં આવેલ કૈલાસધામ વૃદ્ધાશ્રમની મુલાકાત લેવામાં આવી હતી. વૃદ્ધાશ્રમમાં રહેતા વડીલોની સાથે સંસ્થાના સભ્યોએ સુખ-દુઃખની વાતો કરી સારસંભાળ અંગેની પૃચ્છા કરી. સાથે પ્રિતિ ભોજન લીધુ હતુ. આ કાર્યક્રમમાં લાયન્સ રાજ ગૌડા, પૂર્વ પ્રમુખ લાયન્સ હરીશ ત્રિવેદી, લાયન્સ ડૉ. દિલીપ ત્રિવેદી, લાયન્સ શિરિષ મોદી, ઉપપ્રમુખ મોહનભાઈ પરમાર, લાયન્સ મહેન્દ્ર પરમાર, લાયોનેસ પ્રમુખ ચંદાબેન યાદવ, સેક્રેટરી ડિમ્પલ દેસાઈ, લાયન્સ મીના પટેલ, લાયન્સ મિના ત્રિવેદી, લાયન્સ રીટાબા સોલંકી પ્રમુખ જશવંતસિંહ રહેવર અને સજનબા રહેવર જોડાયા હતા.

અમદાવાદના યુવાને ૨૧ લાખના બાઈકના ૧.૮૯ લાખ રોડ ટેક્ષ પેટે ચૂકવ્યા

ગાંધીનગર આર.ટી.ઓ. કચેરી ખાતે યુવાન પાસિંગ માટે આવ્યો હતો : છ ગિયરવાળુ બાઈક ૧૫ની એવરેજ આપે છે

ગાંધીનગર, તા.૧૬

ધૂમ ફિલ્મ બાદ યુવાનોમાં મોંઘા બાઈક ફેરવવાનો શોખ વધી ગયો છે. દેશના સેલીબ્રીટીઓમાં પણ આ ક્રેઝ જોવા મળે છે. ત્યારે ગાંધીનગર આરટીઓમાં ૨૭.૭૨ લાખ રૂપિયાનું બાઈક પાસિંગ માટે આવ્યું હતું. બાઈક માલિકે રજીસ્ટ્રેશન વખતે રોડ ટેક્ષ પેટે રૂપિયા ૧.૮૯ લાખ ભર્યા હતા. ૧૨૦૦ સીસીનું બાઈક છે જેમાં છ ગિયર છે અને ૧૫ કી.મી. એવરેજ આપે છે.



બોલીવુડની ફિલ્મોમાં મોંઘા બાઈક બતાવવામાં આવે છે. ફિલ્મો જોવા મોટી સંખ્યામાં યંગ બ્રિગેડ આવતી હોય છે તેના કારણે બાઈક સીધું જ યુવાનોને ખેંચે છે. મોંઘા બાઈક ફેરવવામાં દેશના અલગ અલગ ક્ષેત્રના સેલીબ્રીટીઓ પણ બાકાત નથી. ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન ધોની પાસે પણ ૧૦ જેટલા મોંઘા બાઈક છે.

ત્યારે આજે અમદાવાદનો યુવાન બાઈક રજીસ્ટ્રેશન માટે ગાંધીનગર આર.ટી.ઓ. કચેરી ખાતે ૨૦.૭૨ લાખ રૂપિયાનું બાઈક લઈને પાસિંગ માટે આવ્યો હતો. મોંઘા દાટ બાઈક પાછળ યુવાને રોડ ટેક્ષ પેટે ૧.૮૯ લાખ રૂપિયા ભર્યા હતા. મોંઘુ અને ધૂમ ફિલ્મમાં લેવાયેલ બાઈક જેવું બાઈક ગાંધીનગરમાં આવતા લોકોના ટોળા ઉમટી પડયા હતા અને મોબાઈલમાં તસવીર ખેંચવા લાગ્યા હતા.

આ ૨૦.૭૨ લાખના બાઈકમાં બે સિલીન્ડર આવેલા છે અને અલ્ટો કાર કરતા પણ વધારે ૧૨૦૦ સીસી કેપેસીટીનું એન્જિન ફીટ કરવામાં આવ્યું છે. સ્ટાઈલને જોતા કોઈ પણ વ્યકિત બાઈકનો દિવાનો બની જાય ત્યારે છ ગિયરનું બાઈક એક લીટર પેટ્રોલમાં ૧૫ કીમી ચાલે છે અને તેની સંપૂર્ણ બોડી સ્ટીલની રાખવામાં આવી છે.

ફિલ્મ જોયા પછી થીયેટરના ગાર્ડનમાં જ યુવાને આપઘાતનો પ્રયાસ કર્યો

ચાંદખેડાના યુવાને કોઇ કારણોસર આર-વર્લ્ડના ગાર્ડનમાં જઇને એક સાથે આઠ ગોળીઓ ગળી લેતા હાલત ગંભીર

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર નજીક આવેલા આર-વર્લ્ડ થીયેટરમાં ફિલ્મ જોવા આવેલા ચાંદખેડાના એક યુવાને કોઈ અગમ્ય કારણોસર ફિલ્મ પૂરી થયા બાદ થીયેટરના ગાર્ડનમાં જઈને એક સાથે આઠ-આઠ ગોળીઓ ગળી લીધી હતી. ગોળીઓ ગળી જઈ આપઘાતનો -યાસ કરનાર યુવાનને શરીરમાં બળતરા શરુ થવા લાગતા બુમાબુમ કરી મૂકી હતી. ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેને ગંભીર હાલતમાં તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઇ જવાયો હતો. અડાલજ પોલીસે આપઘાતનો -યાસ કરવા પાછળનું કારણ બહાર લેવા મામલતદાર સમક્ષ ડી.ડી (ડાઈંગ ડિક્લેરેશન) લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અમદાવાદ ચાંદખેડા ખાતે સ્થિત ઉત્સવ ડુપ્લેક્ષમા રહેતા ૩૦ વર્ષીય યુવાન નીરવ રમણભાઈ જાદવ ઘણા સમયથી બેકારીનો ભોગ બનેલો છે. બે-ત્રણ દિવસથી તેને તાવ પણ આવતો હતો. આજે હવાફેર કરવા નીરવ ગાંધીનગર-કલોલ હાઈવે પર સ્થિત આર-વર્લ્ડ થીયેટરમાં ફિલ્મ જોવા ગયો હતો. ફિલ્મ પૂરું થયા બાદ તે થીયેટરના ગાર્ડનમાં પહોંચી ગયો હતો અને એક સાથે તાવની આઠ-આઠ દવાઓ ગળી જતા તેની હાલત ગંભીર થઈ ગઈ હતી. તડફડીયા મારી રહેલા આ યુવાનને જોઈને તેને ૧૦૮ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે ખસેડી અડાલજ પોલીસને ઘટનાની જાણ કરવામાં આવી હતી. જમાદાર અમરતભાઈ ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને મરણ નિવેદન લેવડાવી આપઘાતના -યાસનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

સબમર્શીબલ પંપનો વેપારી દારૂ પી ને ગાડી ચલાવતા પકડાયો

શહેરના ખ-માર્ગ પર બેફામ ગતિએ જઈ રહેલી આઈ-૧૦ ગાડી પર શંકા જતા સે. ૭ પોલીસે તેનો પીછો કરી ગાડી ઉભી રખાવી હતી. ગાડીમાં સરગાસણ ખાતે શ્રીમંત રેસીડેન્સીમાં રહેતો અને સબમર્શીબલ પંપનો વેપાર કરતો વેપારી મુકેશ પ્રફુદાસ પટેલ બેઠો હતો. તપાસણી કરતાં મુકેશ પટેલ પીધેલી હાલતમાં હતો.

મહિલાઓ અને બાળકોના ઉત્થાન માટે કાર્ય કરતી આઈલાનોર્સ વુમન ફાઉન્ડેશન દ્વારા ચિલ્ડ્રન હોમના બાળકોની મુલાકાત લેવામાં આવી હતી. જ્યાં જી.આઈ.ડી.સી.માં કાર્યરત સોફ્ટવેર કંપનીની મદદથી બાળકો માટે ઠંડી હવા મળી રહે તે માટે એક કુલર અને ભોજન બનાવવામાં સરળતા રહે તે માટે પ્રેશર કુકર દાન પેટે આપવામાં આવ્યા હતા. સાથે સાથે ફાઉન્ડેશનના સભ્ય ઈલીઝાબેથ દ્વારા જ્યુસર મિક્સર પણ આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે ચિલ્ડ્રન હોમના બાળકોની સાથે રહેતા સુકેતુજી અને કિશનભાઈએ સંસ્થાની પ્રવૃત્તિઓને બિરદાવી હતી.

આજથી રાજયના આઠ લાખ કર્મચારીઓ કાળી પટ્ટી ધારણ કરશે

રાજય સરકારના કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે સરકારના નકારાત્મક વલણથી આક્રોશ : ૩૦મી સુધીમાં નિર્ણય નહીં લેવાય તો વધુ જલદ કાર્યક્રમો હાથ ધરવાની ચિમકી

ગાંધીનગર, તા.૧૬

ગુજરાત રાજયના સરકારી કર્મચારીઓના પડતર પ્રશ્નોને ચુંટણી પહેલા રાજય સરકાર દ્વારા ચર્ચા બેઠકથી ઉકેલવા ખાત્રી અપાઈ હોવા છતાં આજ દિન સુધી સરકાર તરફથી કોઈ જ હકારાત્મક વલણ ના જણાતા રાજયના આઠ લાખ કર્મચારીઓ રોષે ભરાયા છે. આ કર્મચારીઓએ સંકલન સમિતિની તા. ૧૪મી જુલાઈએ ગાંધીનગરમાં મળેલ બેઠકમાં તા. ૧૭મી જુલાઈથી તા. ૩૦મી જુલાઈ સુધી કાળી પટ્ટી ધારણ કરી વિરોધ નોંધાવવાનું નક્કી કર્યું છે. આમ છતાં જો કોઈ ઉકેલ લાવવામાં નહીં આવે તો તા. ૩૦મી પછી જલદ કાર્યક્રમો આપવામાં આવશે તેવી ચિમકી પણ ઉચ્ચારી છે.

ગાંધીનગરમાં મળેલ રાજયના તમામ કર્મચારી ફેડરેશનોની તાકીદની બેઠકમાં રાજય સરકારના કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે નકારાત્મક વલણ સામે ભારે આક્રોશ વ્યકત કરવામાં આવ્યો હતો. સંકલન સમિતિ દ્વારા રાજય સરકારની કર્મચારીઓ સાથે ચુંટણીઓ પહેલા કરાયેલી હકારાત્મક ચર્ચા પછી પણ પરિપત્ર જાહેર કરાયો નથી અને સરકાર તરફથી કોઈ નિર્ણય પણ લેવાયો નથી. આથી રાજયના આઠ લાખ કર્મચારીઓમાં રોષની લાગણી ફેલાઈ છે તેવું જણાવાયું છે. આથી કર્મચારી સંકલન સમિતિની તાકીદની બેઠકમાં તા. ૧૭મી જુલાઈથી કર્મચારીઓ કાળી પટ્ટી ધારણ કરીને નોકરીએ જશે તેવું ઠરાવાયું છે. કર્મચારીઓના આ વિરોધ પ્રદર્શન બાદ પણ જો સરકાર તરફથી કોઈ હકારાત્મક નર્ણય નહીં લેવાય તો આથી વધુ જલદ કાર્યક્રમો આપવામાં આવશે તેવી સંકલન સમિતિ દ્વારા ચિમકી ઉચ્ચારાઈ છે.

કાપડ ભરેલી ટ્રકે પડખું ફેરવ્યુ

ચિલોડા સર્કલ પર આજે કાપડ ભરેલી ટ્રક પલટી ખાઈ ગઈ હતી. કાપડ ભરેલી ટ્રક નં. એમ.એચ. ૧૮, એ.એ. ૭૮૩૯ અચાનક પલટી ખાઈ જતા લોકોના ટોળા ઉમટી પડયા હતા. ટ્રકમાં સવાર ડ્રાઈવર અને કિલનરે સમય સુચકતા વાપરી બહાર કુદી પડયા હતા. સદનશીબે કોઈ જાનહાની થવા પામી નથી. (નટુભાઈ પટેલ)

અડાલજમાં થયેલી મારામારી-લૂંટ પ્રકરણમાં આરોપીઓ હજુ ફરાર

દુકાનદાર પર અડાલજના જ ચાર તત્ત્વોએ હુમલો કરીને દુકાનમાં તોડફોડ કરી અઢી તોલાની સોનાની ચેઇન પણ લૂંટી ગયા હતા

ગાંધીનગર, તા. ૧૬

અડાલજ બાલાપીર વિસ્તાર પાસેના એક પાન પાર્લરની બાજુમાં પાણીની નીક બનાવવાની બાબતે ચારેક દિવસ અગાઉ કેટલાક અસામાજિક તત્વોએ માથાકૂટ કરીને દુકાનમાં તોડફોડ કરી મૂકી હતી. દુકાનદારને ઢોર માર મારીને જાનથી મારી નાંખવાની ધમકી આપી ચાર શખ્સોએ આશરે દોઢ તોલા વજનનો સોનાનો કિંમતી દોરો પણ લુંટી લીધો હતો. ઘાયલ દુકાનદારે હોસ્પિટલમાં સારવાર લઈને ચારેય તત્વો સામે ફરિયાદ આપતા અડાલજ પોલીસે ગુનો દાખલ કર્યો હતો. જો કે હજુ સુધી આરોપીઓ પોલીસ પક્કડમાં આવ્યો નથી. ગામમાં બિન્દાસ્ત ફરતો હોવા છતાં પોલીસ કોઈ કારણોસર તેને પકડતી ન હોવાનો આક્ષેપ ફરિયાદીએ કર્યો છે.

ચાંદખેડા જનતાનગર વિસ્તારમાં રહેતા અને અડાલજના બાલાપીર ચોકડી પાસે પાન પાર્લર ચલાવતા સુરેશભાઈ રાયચંદભાઈ પટેલના પાન પાર્લરની બાજુમાં જ અડાલજનો રહેવાસી રામાજી ઠાકોર અને તેના અન્ય ત્રણ મિત્રો પાણીની નીક બનાવી રઝાા હતા. નીક નડતરરૂપ બને તેવી સ્થિતિ હોવાથી નીક બનાવવાની પાર્લર માલિક સુરેશભાઈએ મનાઈ કરતા રામાજી અને તેના મિત્રોએ મળીને પાર્લરના ફર્નીચરમા તોડફોડ મચાવી મૂકી હતી. સુરેશભાઈને ચારેય જણે મળીને ગડદા પાટુંનો માર મારીને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. તે ઉપરાંત મારઝૂડ કરીને સુરેશભાઈએ પહેરેલો આશરે અઢી તોલા વજનનો સોનાનો દોરો પણ લુંટી લઈ ચારેય તત્વો ફરાર થઈ ગયા હતા. આ બનાવ બાદ ઘાયલ દુકાનદારે હોસ્પિટલ જઈને સારવાર કરાવ્યા બાદ ફરિયાદ આપતા અડાલજ પોલીસ મથકના પી.એસ.આઈ બી.કે.વાઘેલાએ ચારેય સામે લુંટ, મારામારી અને જાનથી મારી નાંખવાની ધમકી તથા દુકાનમાં તોડફોડ સંદર્ભે ગુનો દાખલ કર્યો હતો. આ ઘટનાને ચારેક દિવસ થઈ ગયા અને આરોપીઓ ગામમાં બિન્દાસ્ત ફરી રઝાા છે તેમ છતાં પોલીસ આરોપીઓને નહિ પકડીને છાવરતી હોવાનો આક્ષેપ છે.

પ્રેમમાં હતાશ થઈ ગયેલા યુવાનનો લીંબડીયા નર્મદા કેનાલમાં આપઘાત

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર નજીકના લીબડીયા પાસેથી પસાર થતી નર્મદા કેનાલમાં આજે બપોરના અરસામાં એક યુવાને છલાંગ લગાવી ફાની દુનિયાને અલવિદા કરી દીધી છે. અમદાવાદના કુબેરનગર વિસ્તારના આ ૧૯ વર્ષીય યુવાને ેમમાં હતાશ થઈને આપઘાત કર્યો હોવાનું -ાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. ડભોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી -માણે અમદાવાદના કુબેરનગર ખાતે રહેતા ૧૯ વર્ષીય દીપક રમેશભાઈ ચંદવાની ઘરેથી નીકળી ગયો હતો અને પરિવારજનો દ્વારા શોધખોળ ચાલી રહી હતી. દરમ્યાન આજે બપોરના અરસામાં તેનો તરતો મૃતદેહ ગાંધીનગર પાસેથી પસાર થતી લીબડીયા નર્મદા કેનાલમાંથી મળી આવ્યો હતો. મૃતદેહ અંગે કેનાલ સિક્યુરિટી ગાર્ડે ડભોડા પોલીસને જાણ કરતા પોલીસ ઘટનાસ્થળે આવી પહોંચી હતી. મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે. ૧૯ વર્ષીય યુવાન દીપકે ેમમાં સફળતા ન મળતા હતાશ થઈને આપઘાત કરી લીધો હોવાનું -ાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

રક્તદાન મહાદાન

વલસાડ ડુંગરી પોસ્ટ પાસેથી સી. આઈ. સેલે દારૂ ભરેલી સ્કોર્પીયો પકડી

એક મહિલા સહીત બે બુટલેગરોની ૩. ૭.૨૫ લાખના મુદ્દામાલ સાથે ધરપકડ

ગાંધીનગર, તા. ૧૬

સી.આઈ.સેલના ડી.વાય. એસ.પી. કોમલબેન વ્યાસ તથા તેમની ટીમે બાતમીને આધારે મધરાતે વલસાડ ડુંગરી પોસ્ટ પાસે વોચ ગોઠવીને દારૂથી ખીચોખીચ ભરેલી સ્કોર્પીયો ગાડી પકડી પાડી હતી.

સી.આઈ. સેલે સ્કોર્પીયો ગાડી પકડીને અંદર તપાસ કરતાં ૩૫ પેટી વિદેશી દારૂ મળી આવ્યો હતો. રૂ. ૧, ૦૪,૭૦૦ની કિંમતનો દારૂ તથા ૬ લાખની સ્કોર્પીયો ગાડી સહિત કુલ રૂ. ૭,૨૪,૪૬૦ નો મુદ્દામાલ જપ્ત કરીને સીઆઈ સેલે મહિલા બુટલેગર અરૂણા પટેલ, વિક્રમ પરમારની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૫
સૂર્યાસ્ત : ૭.૨૬

તાપમાન

મહત્તમ : ૩૨.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૫.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૮૭ ટકા ● સાંજે ૭૦ ટકા
વરસાદ : ૩.૫ મી.મી

મનોરંજન

સીટી પ્લસ

: સ્ક્રીન-૧ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
એક વિલન : ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
ડાઉન ઓફ ધી પ્લાન્ટ ઓધ ધી એપસ (૩ડી) (અંગ્રેજી) ૪.૧૫, ૭.૦૦, ૯.૪૫
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૦.૦૦
સ્ક્રીન-૪ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૦.૦૦
બોલીવુડ વીલા : ૧૨.૩૦
બોબી જાસૂસ : ૪.૦૦, ૧૦.૦૦
દુષ્યમ (તેલુગુ) : ૭.૦૦
: સ્ક્રીન-૫ :
એક વિલન : ૧૨.૧૫, ૩.૩૦
બોબી જાસૂસ : ૬.૩૦
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૦.૦૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ડાઉન ઓફ ધી પ્લાન્ટ ઓધ ધી એપસ (૩ડી) (અંગ્રેજી) : ૧૦.૦૦, ૪.૪૫, ૭.૪૦, ૧૦.૩૫
ટ્રાન્સફોર્મર (૩-ડી) હિન્દી : ૧.૨૫
: સ્ક્રીન-૨ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૮.૩૦ (સવારે) , ૮.૩૦ (સાંજે)
એક વિલન : ૧૧.૩૦, ૫.૪૫
સાથીયો ચલો ખોડલધામ (ગુજ.) ૨.૨૫
: સ્ક્રીન-૩ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૪ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
સાથીઓ ચાલો ખોડલ ધામ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
સ્ક્રીન-૨ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

આપની આજ

મેષ : સામાજિક કાર્યોમાં સક્રિયા ભાગીદારી રહેશે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

વૃષભ : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

મિથુન : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે. શુભ સમાચાર પ્રાપ્ત થઈ શકશે. માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

કર્ક : વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

સિંહ : વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

કન્યા : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

તુલા : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

વૃશ્ચિક : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ.

ધન : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. આજે અટકેલા કાર્ય સમય પર પૂરા થઈ શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

મકર : સામાજિક ક્ષેત્રોમાં લાભ મળી શકશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે.

કુંભ : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

મીન : સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે. વિરોધી હેરાન કરી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

ચિરવિદાય

- સ્વ. લક્ષ્મીબહેન ચંદુભાઇ રાણા (ઉ.વ.૭૫) પ્લોટ નં. ૧૯૩/૨, સેક્ટર-૨-ડી, ગાંધીનગર.
- સ્વ. શૈલેન્દ્રસિંહ નારણજી બિહોલા (ઉ.વ.૨૮) મુ.પો. પાલજ, તા.જી. ગાંધીનગર.
- સ્વ. શાંતાબેન રમેશચંદ્ર શાહ (ઉ.વ. ૭૫) મુ. પો. મોટા ચીલોડા, તા.જી. ગાંધીનગર
- સ્વ. અનાજી રાણાજી વણઝારા (ઉ.વ.૪૦) મુ.પો. બોરીજ, તા.જી. ગાંધીનગર
- સ્વ. દેસાઇ લક્ષ્મભાઇ ગોવાભાઇ (ઉ.વ.૭૩) પ્લોટ નં. ૫૪૦/૨, સેક્ટર-૨૧, ગાંધીનગર
- સ્વ. મુકેશભાઇ મગનભાઇ શ્રીમાળી (ઉ.વ.૩૮) ગામ - વિજાપુર, તા.વિજાપુર, જિ. મહેસાણા